
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૭ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨, શનિવાર; ભાદરવા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બ્લેક ફ્રાઈડે : શેરબજારમાં કડાકો

**સેન્સેક્સમાં ૧૦૯૩ અને નિફ્ટીમાં ૩૨૬ પોઈન્ટનો કડાકો થયો : નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો : બજારના તમામ સૂચકાંકો ઘટાડા સાથે બંધ : સૌથી વધુ વેચવાલી આઇટી શેરોમાં, યુએસમાં વ્યાજદરમાં વધારો થવાની ચિંતા વચ્ચે શેરબજાર તૂટ્યું**



મુંબઈ, તા.૧૬

શુક્રવારે નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)નો મુખ્ય સૂચકાંક નિફ્ટી અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)નો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ, બંને મોટા ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટી ૩૨૬ પોઈન્ટ ઘટીને ૧૭,૫૫૧ પોઈન્ટ અને સેન્સેક્સ ૧,૦૯૩ પોઈન્ટ ઘટીને ૫૮,૮૪૦ પોઈન્ટ પર બંધ થયો હતો. યુએસમાં વ્યાજદરમાં વધારો થવાની ચિંતા વચ્ચે ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો. શુક્રવારે બજારના તમામ સૂચકાંકો ઘટાડા સાથે બંધ થયા હતા. સૌથી વધુ વેચવાલી આઈટી શેરોમાં જોવા મળી હતી. દિવસના કારોબાર દરમિયાન આઈટી, જાહેર ક્ષેત્રની બેંકો, ફાર્મા, મેટલ, રિયલ્ટી, મીડિયા અને એનર્જી સહિતના લગભગ તમામ ક્ષેત્રો લાલ નિશાન સાથે બંધ થયા હતા. સૌથી ઓછો ઘટાડો ખાનગી ક્ષેત્રની બેંકોમાં જોવા મળ્યો હતો. ઈન્ડસઈન્ડ અને શિપ્લાને છોડીને, નિફ્ટી પેકમાંનો કોઈ પણ શેર ઉછાળા સાથે બંધ થવામાં નિષ્ફળ ગયો. ઘટતા શેરોમાં યુપીએલ, ટાટા કન્ઝ્યુમર, ટેક મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ફોસિસ અને એચડીએફસી લાઈફનો સમાવેશ થાય છે. સેન્સેક્સમાં ઈન્ડસઈન્ડના તમામ શેર ઘટાડા સાથે બંધ થયા હતા.

## જીવેત્ શરદઃ શતમ્

ગુજરાતના પનોતા પુત્ર જેને સૌ ગુજરાતીઓ હક્કથી "આપણાં નરેન્દ્રભાઈ" કહીને બોલાવે છે અને જેના એક એક શબ્દ પર ઓળઘોળ થઈ જાય છે તેવા લોકપ્રિયતાના શિખરે બિરાજતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૨મો જન્મદિવસ છે. વડનગરમાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા નરેન્દ્ર મોદી યુવા વયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારકમાંથી ભારતીય જનતા પાર્ટીના સામાન્ય કાર્યકર તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરીને દેશના વડાપ્રધાન સુધી પોતાના સ્વબળે અને ભરપુર આત્મવિશ્વાસ સાથે નીડરતા તેમજ મક્કમતાના ગુણોને અપનાવીને પંહોચ્યા છે જે સફર અત્યંત રોચક છે. વિરોધી પણ તેમની પ્રસંશા કર્યા વગર ના રહી શકે તેવી કાર્યદક્ષતા સાથે તેમણે રાજકારણમાં નવા પરિમાણો સ્થાપિત કર્યા છે તેમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.



કચ્છના ભૂકંપ બાદ અચાનક ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પસંદગી પામીને જેમણે વહીવટીતંત્ર પર અસરકારક પક્કડ સાથે પહેલાં સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબુત બનાવી પછી વાઈબ્રન્ટ ગુજરાત જેવી ઈવેન્ટ થકી દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષવામાં સફળતા મેળવી સમગ્ર રાજયની કાયાપલટ કરી જેના કારણે તેઓ સતત લોકહૃદયમાં સ્થાન પામતાં ગયાં. ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને જેમણે નવી ઓળખ અને દિશા આપવા સાથે ગુજરાતીઓમાં ગુજરાતીપણાંનું સ્વાભિમાન વધાર્યુ તેની સુવાસ ચોમેર પ્રસરતાં દેશમાં સર્જાયેલા ભ્રષ્ટાચારના અતિરેક જેવા નિરાશાજનક સમયમાં સમગ્ર દેશે તેમના તરફ આશાભરી મીટ માંડી અને તેમને વડાપ્રધાન તરીકે જવાબદારી સોંપી ત્યારથી તેમણે પાછું વળીને જોયું નથી. વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં એક પછી એક અણકલ્પ્યાં નિર્ણયો લેવામાં તેમની અડગતા અને વિશ્વમાં ભારતની છબીને સશક્ત રાષ્ટ્ર તરીકે પ્રસ્તુત કરવામાં સફળતા મેળવવા સાથે તેમણે કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં જે રીતે દુનિયાને નવો રાહ ચિંધ્યો તેના કારણે આજે તેઓ એક ગ્લોબલ લીડર તરીકે અગ્રિમ હરોળમાં પહોંચી ગયા છે. ભારતના અત્યાર સુધીના તમામ વડાપ્રધાનમાં કદાચ સૌથી વધુ લોકપ્રિયતા હાંસલ કરી ચુકેલાં નરેન્દ્રભાઇ મોદીને ૭૨મા જન્મદિવસે ઉત્તમ સ્વાસ્થ્ય સહિત દીર્ઘાયુ માટે પરમ તત્વને પ્રાર્થના સહ શુભકામનાઓ...

## ચીનના બેઈજિંગમાં ૬૫૬ ફૂટ ઊંચું બિલ્ડિંગ આગમાં ખાખ

**જાનહાનિની સંખ્યા વિશે કોઈ માહિતી હજુ સુધી મળી નથી : ઇમારતમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા**

બેઈજિંગ, તા.૧૬

ચીનની રાજધાની બેઈજિંગમાં એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. આગના કારણે ઈમારત બળીને રાખ થઈ ગઈ છે. આ ઘટના રાજધાનીના ચાંગશા વિસ્તારની જણાવવામાં આવી રહી છે. ચીનની આ ૬૫૬ ફુટ ઊંચી બિલ્ડિંગ ૨૦૦૦માં બની હતી.

રાજ્ય મીડિયાએ શુક્રવારે અહેવાલ આપ્યો હતો કે, આ સમયે જાનહાનિની સંખ્યા વિશે કોઈ માહિતી હજુ સુધી મળી નથી. આ ઘટનામાં આગ પછી, ઈમારતમાંથી ધુમાડાના ગોટેગોટા ઉછળતા હતા. આગની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઇ અને રાહત કાર્ય શરૂ કર્યું હતુ. હાલ આગ લાગવાના કારણ અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી.

અહેવાલો અનુસાર આ ઈમારતમાં સરકારી માલિકીની ટેલિકોમ્યુનિકેશન કંપની ચાઈના ટેલિકોમનું કાર્યાલય હતું. આગમાં એક બહુમાળી ઈમારત બળીને રાખ થઈ ગઈ હતી. સીસીટીવી દ્વારા જાહેર કરાયેલા ફોટામાં આગ લાગી હતી તે બિલ્ડિંગની વચ્ચેથી ભીષણ જ્વાળાઓ નીકળતી જોઈ શકાય છે.

## ગુજરાતનું ગૌરવ : ગૌતમ અદાણી વિશ્વના બીજા ક્રમના ધનાઢ્ય બન્યા

**ગૌતમ અદાણીએ સંપત્તી વધારવામાં પોતાનો રેકોર્ડ તોડ્યો : ફોર્બ્સની રિયલ-ટાઈમ બિલિયનર્સ લિસ્ટ પ્રમાણે ગૌતમ અદાણીની નેટવર્થ હવે ૧૫૫.૭ અબજ ડોલર થઈ ગઈ**

મુંબઈ, તા.૧૬

અદાણી જૂથના વડા ગૌતમ અદાણીએ સંપત્તિમાં વધારો કરવામાં પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. વિશ્વના સૌથી ધનાઢ્ય અબજોપતિઓની યાદીમાં તેઓ ત્રીજા સ્થાન પરથી બીજા ક્રમે પહોંચી ગયા છે અને એમેઝોનના જેફ બેઝોસને પાછળ રાખી દીધા છે. હજુ ૧૫ દિવસ પહેલાં જ અદાણી આ લિસ્ટમાં ત્રીજા ક્રમે હતા. ત્યાર પછી તેમની સંપત્તિ વધી છે જ્યારે જેફ બેઝોસની સંપત્તિમાં કડાકો આવ્યો છે. ફોર્બ્સની રિયલ-ટાઈમ બિલિયનર્સ લિસ્ટ પ્રમાણે



અદાણીની નેટવર્થ હવે ૧૫૫.૭ અબજ ડોલર થઈ ગઈ છે. તેમની સંપત્તિમાં અત્યંત ટૂંકા ગાળામાં ચાર ટકા અથવા ૫.૫ અબજ ડોલરનો વધારો થયો છે. અત્યારે ટેસ્લાના માલિક ઈલોન મસ્ક વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિ છે અને તેમની નેટવર્થ ૨૭૩.૫ અબજ ડોલર છે. જેફ બેઝોસ અત્યાર સુધી બીજા ક્રમે હતા જે હવે ગૌતમ અદાણીની પાછળ ત્રીજા ક્રમે પહોંચી ગયા છે.

શુક્રવારે અદાણી ગ્રૂપની કંપનીઓ અદાણી એન્ટરપ્રાઈસ, અદાણી પોર્ટ, અને અદાણી ટ્રાન્સમિશનના શેર તેની રેકોર્ડ હાઈ સપાટી પર પહોંચી ગયા જેના કારણે ગૌતમ અદાણીની સંપત્તિમાં જંગી ઉછાળો આવ્યો છે. ૨૦૨૨માં અત્યાર સુધીમાં અદાણીની મિલ્કતમાં ૭૦ અબજ ડોલરનો વધારો થયો છે. વિશ્વના ટોચના ૧૦ ધનાઢ્ય લોકોમાં એકમાત્ર ગૌતમ અદાણી એવા છે જેમની સંપત્તિ ચાલુ વર્ષમાં આટલી વધી છે.

ફેબ્રુઆરી મહિનામાં ગૌતમ અદાણી રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીથી આગળ નીકળી

● અનુસંધાન પાન-૬ પર

## SCO સમિટ : ભારતમાં ૭૦ હજાર સ્ટાર્ટઅપ, ૧૦૦ યુનિકોર્ન

**વડાપ્રધાન મોદીએ રજૂ કર્યું દેશનું વિકાસ મોડલ : ઉઝ્બેકિસ્તાનના સમરકંદમાં શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં મોદીએ ખાદ્ય સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો**

નવી દિલ્હી, તા.૧૬

ઉઝ્બેકિસ્તાનના સમરકંદમાં આયોજિત શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનને આજે પીએમ મોદીએ આજે સંબોધિત કર્યું. તેમણે આ દરમિયાન ખાદ્ય સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે એસસીઓ દેશોએ રૈન્નઁીજ ઉગાડવું જોઈએ. આ એક એવું સુપરફૂડ છે જે દુનિયામાં છવાયેલા ખાદ્ય સંકટને દૂર કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે દુનિયા કોવિડ-૧૯ મહામારી પર કાબૂ મેળવી રહી છે. કોવિડ અને યુક્રેન સંકટના કારણે વૈશ્વિક આપૂર્તિ શ્રૃંખલામાં અનેક વિઘ્નો આવ્યા. અમે ભારતને એક મેન્યુફેક્ચરિંગ હબમાં ફેરવવા માંગીએ છીએ.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે શાંઘાઈ સહયોગ સંગઠનથી વિશ્વાસનો માહોલ પેદા થશે. અમે પરસ્પર સહયોગ બનાવવા માંગીએ છીએ. ભારત મેડિકલ ટુરિઝમનું હબ બની રહ્યું છે.

● અનુસંધાન પાન-૬ પર

## મોદીના જન્મદિને જન્મનારા બાળકને ભાજપ દ્વારા સોનાની વિંટી અપાશે

**દરેક વીંટી લગભગ ૨ ગ્રામ સોનાની થશે, જેની કિંમત ૫૦૦૦ રૂપિયાની આસપાસ હોઈ શકે છે**

ચેન્નઈ, તા.૧૬

ભારતીય જનતા પાર્ટીના તમિલનાડુ યુનિટએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર નવજાત બાળકોને સોનાની વીંટી આપવાનો નિર્ણય લીધો છે. આ અવસરે અન્ય યોજનાઓમાં ૭૨૦ કિલોગ્રામ માછલી વહેંચવાનુ પણ સામેલ છે. મત્સ્યોદ્યોગ અને માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ મુરુગનએ કહ્યુ, અમે ચેન્નઈ સ્થિત સરકારી આરએસઆરએમહોસ્પિટલને પસંદ કર્યુ છે જ્યાં પીએમના જન્મદિન પર જન્મનાર તમામ બાળકોને સોનાની વીંટી આપવામાં આવશે.

## બાજખેડાવાળ બેસણું



સખેદ જણાવવાનું કે, અ.સૌ. **કલ્પના નરેશ ઠાકર**નું તારીખ ૦૯.૦૯.૨૦૨૨ના રોજ દેહાવસાન થયેલ છે. સ્વર્ગસ્થની શ્રદ્ધાંજલી અર્થે **બેસણું તા. ૧૮.૯.૨૦૨૨, રવિવારે બપોરે ૨:૦૦ થી ૪:૦૦ કલાક** દરમિયાન રાખેલ છે.

સ્થળ: નિર્મળ-હરિ હૉલ, શ્રી તિરૂપતિ બાલાજી મંદિર, સેકટર ૧૬, ગાંધીનગર

નરેશ કાંતિલાલ ઠાકર
ભૌમિક નરેશ ઠાકર
દેવાંગી ભૌમિક ઠાકર
રસેશ નરેશ ઠાકર

## બેસણું



શ્રી પંકજભાઈ મનસુખલાલ ત્રિવેદી તથા નિશાબેન પંકજભાઈ ત્રિવેદીના પુત્ર **રાહુલ પંકજભાઈ ત્રિવેદી** (ADC Bank, દહેગામ) તા૧૫/૯/૨૦૨૨ને ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૮/૯/૨૦૨૨ રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન** રાખવામાં આવેલ છે.

**સ્થળ : રામેશ્વર મંદિર, સેક્ટર-3/ડી, ગાંધીનગર**

મોહિની રાહુલ ત્રિવેદી (પત્ની)
અજય એમ ત્રિવેદી (કાકા) ગીતા ત્રિવેદી (કાકી)
ગૌરવ પંકજભાઈ ત્રિવદી (ભાઈ) પાયલ ત્રિવેદી (ભાભી)
ચિંતન એ. ત્રિવેદી (ભાઈ) બંસરી ત્રિવેદી (ભાભી)
મો - ૯૦૮૧૪૫૭૭૬૭




ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ...

કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
રમેશ પટેલ
મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮
પ્રોપ્રાયટર, કેપિટલ ઓફસેટ,
પ્રમુખ, સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર
ટ્રસ્ટી, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
ઓફિસ : ૬૦૩-૬૦૪, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર. મો. ૯૬૩૮૧ ૮૩૮૩૮
capitaloffsetgujarat@gmail.com



